ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મતદારોની દૃષ્ટિએ સૌથી નાની બેઠક સાદરા

**વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટી બેઠક ભોંયણ મોટી, મતદારો અને વિસ્તારમાં સઈજ બીજા ક્રમે મોટી બેઠક : કડજોદરામાં મતદારોની સંખ્યા ૨૯ હજાર નોંધાયેલા મતદારો છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જંગનું એક પગથિયુ પૂર્ણ થયુ છે. ઉમેદવારોની પસંદગીથી લઈ ઉમેદવારો કેટલા જંગમાં રહેશે. આ બધુ સ્પષ્ટ થયા પછી હવે મતદારોને રિઝવવા માટે પક્ષો અને ઉમેદવારો તેમજ તેમના સમર્થકો મેદાનમાં આવશે.




અત્યારે તો બધા ઉમેદવારો ચૂંટણી વ્યુહરચનાના ભાગરૂપે તેમના મધ્યસ્થ કાર્યાલયો શરૂ કરવાની પસંદગીમાં અને તેના શુભારંભોના આયોજનમાં પડ્યા છે. જિલ્લામાં તાલુકા-પંચાયત જિલ્લા પંચાયત માટે સાત લાખથી વધુ મતદારો મતદાન કરવાના છે.

આ મતદારોમાં ૨૦ હજાર જેટલા યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરી લોકશાહી પ્રક્રિયાના સક્રિય ભાગીદાર થશે. જિલ્લામાં ભૌગોલિક ફેરફારો પછી નવા સીમાંકનમાં જોઈએ તો દરેક મત વિસ્તાર અંદાજે સરેરાશ ૧૫ થી ૨૦ કિ.મી.ની ત્રિજ્યામાં વહેંચાયો છે. પાંચેક સીટોનો વિસ્તાર આ સરેરાશ કરતાં વધુ જોવા મળી રહ્યો છે. જેમાં સઈજ, સાંતેજ, ભોંયણ મોટી, સરઢવ, કડજોદરા, હરખજીના મુવાડા, અમરાજીના મુવાડાનો સમાવેશ થાય છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામોને ધ્યાને રાખી આ સીમાંકન આખરી થયુ છે. જો કે મતદારોના આંકડા સરેરાશ ૨૪ થી ૨૮ હજારની આસપાસ રહે છે. જો કે મતદારોની સંખ્યાની દૃષ્ટિએ જિલ્લામાં સૌથી નાની બેઠક નવી બનેલ સાદરા બેઠક આવે છે. અહિ નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૬,૭૯૦ જેટલી છે. આ પછી બીજા ક્રમે છાલા બેઠક આવે છે જેમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૯,૯૬૮ જેટલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમાર્ગોની સાથે શહેરના સે-૨૧ અને સે-૨૨માં પણ અન્ડર પાસ બનશે

**સે-૨૧ થી ૨૨ અને સે-૨૩ ને જોડતા અન્ડર પાસના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટશે : અન્ડર પાસના નિર્માણ પાછળ રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાનુ કામ ચાલી રહ્યુ છે.ત્યારે હજુ પણ મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે નવા બે અન્ડર પાસ બનાવાશે. શહેરમાં વધતા ટ્રાફિકને ધ્યાને લઈ મુખ્યમાર્ગો ઓળંગવાના બદલે અન્ડર પાસના આધારે બીજા સેકટરમાં પ્રવેશી શકાય તે મુજબ સે-૨૧ થી ૨૨ અને સે-૨૨ થી ૨૩ ને જોડતો અન્ડર પાસ બનાવાશે. અન્ડરપાસની કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના મુખ્યમાર્ગો પર હાલ અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. નગરના ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરી પુર્ણતાના આરે છે. જયારે ગ માર્ગ પર થોડા સમય અગાઉ જ કામ શરૂ કરાયુ છે. શહેરના મુખ્યમાર્ગો પર ટુંકમાં અન્ડર પાસ તૈયાર થઈ જશે જેના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિનારિયો પણ બદલાશે. નગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી શહેરના કેટલાક સેકટરોમાં અન્ડર પાસ હયાત હતા જયારે હાલ પણ જુના સચિવાલયથી સે-૨૧ માં જતો અન્ડર પાસ કાર્યરત છે. જયારે અન્ય અન્ડર પાસ ખુલ્લા રહ્યા નથી. બીજીતરફ શહેરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિકનુ પ્રમાણ પણ વધ્યુ છે. સ્માર્ટ સીટી બનતા નગરમાં મુખ્ય માર્ગો પૈકી બાકી રહેતા ખ માર્ગ બાદ હવે ગ માર્ગને પમ સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે સેકટરોનુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. સેકટરોના એપ્રોચને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે નવા બે અન્ડર પાસ બનાવવા માટે આયોજન કરાયુ છે.

જેમાં સે-૨૧ થી ૨૨ અને સે-૨૨ થી સે-૨૩ ને જોડતો અન્ડર પાસ બનાવવા કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. સે-૨૧ માં સ્થિત કેટેગરીના આવાસથી લઈને સે-૨૨ પંચદેવ મંદિર સુધીના રૂટમાં અન્ડર પાસ તૈયાર કરાશે જયારે સે-૨૨ માં ઘ માર્ગ પરથી શરૂ થતા એપ્રોચ પાસેથી કડી કેમ્પસ સુધી અન્ડર પાસ તૈયાર કરાશે. અન્ડરપાસના લીધે નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો નિવારી શકાશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટુંકમાં સેકટરોને જોડતા અન્ડર પાસનુ કામ હાથ ધરવામાં આવશે.

## જિલ્લાની કઈ બેઠક પર કેટલા મતદાર

| ક્રમ | બેઠક | કેટલા મતદાર |
|---|---|---|
| ૧ | અડાલજ | ૨૭,૫૭૭ |
| ૨ | છાલા | ૧૯,૯૬૮ |
| ૩ | ચિલોડા(ડ) | ૨૦,૪૩૯ |
| ૪ | ડભોડા | ૨૪,૦૩૮ |
| ૫ | સાદરા | ૧૬,૭૯૦ |
| ૬ | સરઢવ | ૨૧,૪૧૩ |
| ૭ | ઉવારસદ | ૨૨,૭૨૨ |
| ૮ | વલાદ | ૨૧,૪૬૬ |
| ૯ | અમરાજીનામુવાડા | ૨૪,૭૬૮ |
| ૧૦ | બહિયલ | ૨૩,૫૫૭ |
| ૧૧ | હાલીસા | ૨૬,૭૧૮ |
| ૧૨ | હરખીજનામુવાડા | ૨૫,૪૫૮ |
| ૧૩ | કડજોદરા | ૨૯,૮૪૭ |
| ૧૪ | રખિયાલ | ૨૩,૫૨૦ |
| ૧૫ | સાણોદા | ૨૪,૬૪૪ |
| ૧૬ | પલીયડ | ૨૨,૪૧૨ |
| ૧૭ | પાનસર | ૨૬,૭૩૦ |
| ૧૮ | બોરીસણા | ૨૪,૬૬૮ |
| ૧૯ | ભોંયણમોટી | ૨૪,૩૯૧ |
| ૨૦ | સઈજ | ૩૦,૯૪૪ |
| ૨૧ | સાંતેજ | ૨૯,૯૭૮ |
| ૨૨ | ઈટાદરા | ૨૮,૪૯૭ |
| ૨૩ | ચરાડા | ૨૬,૦૪૫ |
| ૨૪ | બિલોદરા | ૨૨,૮૮૨ |
| ૨૫ | મહુડી | ૨૪,૪૬૮ |
| ૨૬ | લોદરા | ૨૯,૧૯૦ |
| ૨૭ | સમૌ | ૨૧,૬૭૩ |
| ૨૮ | સોજા | ૨૬,૨૫૧ |

# શહેરની ૪૬ જિલ્લાની ૪૪૧ શાળાઓમાં આજથી ધો-૬ થી ૮ ના વર્ગો શરૂ કરાશે

**વાલીઓનુ સંમતિ પત્ર અનિવાર્ય : માસ્ક તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન કરાશે : શિક્ષણ વિભાગના અધિકારીઓ નિયમો જળવાય તે માટે મોનિટરીંગ કરશે**

ગાંધીનગર તા ૧૭

કોરોના કપરા કાળમાં થોડી રાહત થયા બાદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરાયા બાદ હવે આજથી ધો -૬ થી ૮ ના વર્ગો પણ શાળાઓમાં શરૃ કરાશે. ગુરુવારથી સમગ્ર રાજયની શાળાઓમાં ધો - ૬ થી ૮ ના વર્ગો શરૂ થશે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં પણ શાળાઓમાં પણ પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરાશે. શહેરની ૪૬ અને જિલ્લાની ૪૪૧ શાળાઓમાં ધો -૬ થી ૮ ના વિદ્યાર્થીઓની હાજરી પુરાશે. શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ શાળાઓમાં જરૂરી નિયમોનુ પાલન થાય છે કે કેમ તે અંગે જરૂરી મોનીટરીંગ પણ કરશે.

શિક્ષણ વિભાગે રાજયની શાળાઓમાં ધો -૬ થી ૮ ના વર્ગો તા ૧૮ ફેબ્રુઆરીથી શરૂ કરી દેવા માટે ઠરાવ કર્યો છે. શહેર અને જિલ્લાની શાળાઓ પણ ઓફલાઈન વર્ગો શરૂ કરવા માટે સજ્જ બની ગઈ છે. ત્યારે કોરોના સંક્રમણને ધ્યાને લઈ ભારત સરકારની ગાઈડ લાઈનનુ યોગ્ય પાલન થાય તે માટે પણ જરૂરી સુચના આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીને એસ ઓ પી નુ યોગ્ય પાલન કરાવવા માટે પણ જણાંવાયુ છે. વિદ્યાર્થીઓના હીતને ધ્યાને લઈ શિક્ષણ વિભાગે આ વર્ગો શરૂ કરવા માટે નિર્ણય કર્યો છે. વાલીઓના સંમતિપત્ર સાથે વિદ્યાર્થીઓની હાજરી પુરાશે. જયારે શાળામાં ન જવુ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનુ કાર્ય ચાલુ રહેશે. પ્રાથમિક શિક્ષણમાં ધો - ૬ થી ૮ માં માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય રહે તે માટે પણ સુચના આપવામાં આવી છે.



ઋતુ પરિવર્તનનો અનુભવ તો જયાં નજર કરો ત્યાં જોવા મળી રહ્યો છે. ઉનાળો નજીક આવી રહ્યો છે તેના એંધાણ આપતા ચિહ્નો જોવા મળી રહ્યા છે. ઉનાળુ ફળ ગણાતા કેરીનો ફાલ તેના પ્રારંભિક સ્વરૂપમાં મ્હોર રૂપે જોવા મળી રહ્યા છે. વિધાનસભાની સામે આવેલા બગીચામાં આંબે ખૂબ મ્હોર આવ્યા છે. આખો આંબો જાણે લચી પડયો છે.

# ઠંડી ગોન, પંખા ઓન...

**વસંતના વાયરા વાતાવરણને ઠંડુ રાખશે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાંથી ઠંડીએ વિદાય લીધી છે પણ વસંતના વાયરાઓ વાતાવરણને ઠંડુ રાખશે.

આગામી ૨૧મી ફેબ્રુઆરી સુધી મહત્તમ તાપમાન ૩૨ થી ૩૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૩૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

દાંતીવાડા કૃષિ યુનિ. દ્વારા ૧૭ થી ૨૧ ફેબ્રુઆરીના હવામાન પૂર્વાનુમાનમાં આ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ પૂર્વાનુમાનમાં જણાવ્યા મુજબ પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવાયુ છે કે તાપમાન વધવાથી પાકમાં મોલો જીવાતનું પ્રમાણ ક્ષમ્ય માત્રા કરતાં વધુ જોવા મળે તો તેના નિયંત્રણ માટે ગ્રામસેવક સાથે પરામર્શમાં રહી જરૂરી પગલાં લેવા. વહેલી વાવણી કરેલ પાકોની પરીપક્વ અવસ્થાએ કાપણી માટેનું આયોજન કરવુ.



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલની ૨૭મી પુણ્યતીથિ નિમિત્તે 'નર્મદા ઘાટ' ગાંધીનગર ખાતે પ્રાર્થના સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સિદ્ધાર્થભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ નરહરીભાઈ અમીન તેમજ વિશાળ સંખ્યામાં સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સ્વ. ચીમનભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ચીમનભાઈ પટેલ બ્રીજની પાસે સ્થિત તેઓની પ્રતિમાને પણ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# જિલ્લામાં નવા ૧૧ કેસ : ૬ ને ડિસ્ચાર્જ

**ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ નોંધાયા : સે. ૨૦ માં ૨ કેસ ઉપરાંત સે. ૨૪, ૪, ૧૪ અને ૨૩ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ નોંધાયા છે.

જિલ્લામાં આજે શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સરખી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં કોરોનાથી સંક્રમિત થઈ રહેલ વિદ્યાર્થીઓની સંખ્યાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બધા કેસ ગાંધીનગર તાલુકામાંથી મળ્યા છે. આજે નોંધાયેલ દર્દીઓમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે કુડાસણમાંથી બે કેસ ઉપરાંત ગિફ્ટસીટી, રતનપુર તેમજ સરગાસમણાંથી કેસ મળી આવેલ છે. કુડાસમણાંથી મળેલ બે કેસના દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૬૨ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૯૬૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાના ૬ કેસ નોંધાયા છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક મહિલાનો સમાવેશ થાય છે. શહેરમાં આજે એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં સંક્રમિત થનારાઓમાં એક કર્મયોગીની, એક સિની. ક્લાર્ક, એક એકાઉન્ટન્ટ અને એક કર્મયોગીભવનનો કર્મયોગીનો સમાવેશ થાય છે.

આજે સે. ૨૦ માંથી ૨, સે. ૨૪, ૪, ૧૪ અને ૨૩ માંથી કેસો મળી આવ્યા છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલા સેકટરોમાંથી પુનઃ કોરોનાના કેસો મળવાનુ શરૂ થતાં તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે પણ ૭૦ જેટલા દર્દીઓ એકટવી કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર અને જિલ્લામાં સર્વેલન્સને સઘન બનાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

## રાજ્યમાં વધુ ૨૭૮ કેસ નોંધાયા

અમદાવાદ, તા. ૧૭

ભારતમાં કોરોના વાયરસના દક્ષિણ આફ્રિકા અને બ્રાઝીલના વેરિયન્ટની એન્ટ્રી થઈ છે. જે પછીથી ફરી એકવાર સતર્કતા વધી છે. નોંધનીય છે કે પહેલાથી જ કોરોનાના યુકે વેરિયન્ટથી ચિંતા વધી છે. બેંગલુરુ એરપોર્ટ પર આફ્રિકા-બ્રાઝીલથી આવતા લોકો માટે RTPCR ટેસ્ટ પણ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૭૮ કેસ નોંધાયા છે તો વધુ ૨૭૩ દર્દીઓ સ્વસ્થ થતાં રિકવરી રેટ પણ ૯૭.૭૦% થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૭૮ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૭૩ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨૫૯૯૨૮ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૭૦%એ પહોંચ્યો છે.

રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૫૯, સુરતમાં ૪૭, વડોદરામાં ૫૮ તેમજ રાજકોટમાં ૪૨ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૧૭૦૩ એક્ટિવ કેસમાંથી ૩૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૭૧ સ્ટેબલ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૪૦૩એ પહોંચ્યો છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૩૧૭ કેન્દ્રો પર ૩૭૧૮ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં કુલ ૮,૦૫,૬૩૦ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

# ઉનાળાના આગમન પૂર્વે જ પાણીનો પોકાર

**ચિસકારીના ત્રણ પેટા-પરાના રહીશોએ રેલી સાથે અધિકારીઓને આવેદન પત્ર આપ્યુ**

ગાંધીનગર, તા. ૧૭

ઉનાળાનો આરંભ થાય તે પૂર્વે જ પાણીનો પોકાર જિલ્લામાં ઉઠવા પામ્યો છે. જિલ્લાની મુખ્ય નદી સાબરમતીના નીર સુકાઈ જવા પામ્યા છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં પાણીના પ્રશ્નો અત્યારથી જ શરૂ થઈ ગયા છે. દહેગામ તાલુકામાં ૩ ગામોમાં પાણીના મુદ્દે આજે અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. આ આવેદનપત્રને કારણે "હર ઘર નલ" "નલ સે જલ"ની સરકારની વાતનો છેદ ઉડી જાય છે.

દહેગામ તાલુકાના ચિસકારી ગ્રામ પંચાયતના પેટા પર વિસ્તારમાં આવેલ એરંડાની મુવાડી, કુંપાજીની મુવાડી તેમજ ભાથીજીની મુવાડી ખાતે રહેતા રહીશો છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણી તેમજ પશુધન માટેના પાણીની કોઈ વ્યવસ્થા ન થતાં અધિકારીઓને આજે આવેદનપત્ર રેલી સ્વરૂપે જઈને આપ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

**નામ બદલેલ છે**

હું ગોસ્વામી મયુરી નિકુંજપુરી જણાવું છું કે, અગાઉ ગોસાઈ મયુરીનાથ સોમનાથ હતું જે હવે - ગોસ્વામી મયુરી નિકુંજપુરી રહેશે.

સહી/-
ગોસ્વામી મયુરી નિકુંજપુરી
સી-૩૦૨, મારૂતી આમ્રકુંજ-૧, સરગાસણ, ગાંધીનગર

**જાહેરાત**

દિવ્ય સંસ્કાર સિટિ, સરગાસણ, ગાંધીનગરમાં વિજમીટરના પીવીસી કબાટ માલ સામાન સાથે બનાવવાના ચો.ફૂટના ભાવપત્રક રસ ધરાવતી પેઢીએ દિન-૫માં સોસાયટીના ચેરમેનશ્રીના નામે મોકલી આપવા.

મો. ૭૩૫૯૦૫૩૫૮૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com